આદર્શ નિવાસી શાળા (વિ.જા)માં સ્ત્રી શિક્ષક
સહાયકોને પ્રસુતિની રજા મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૫/૩૨૧૭૯૬/અ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય,ગાંધનગર.
તા. /૬/૨૦૧૫
19-JUN 2015

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા અ.વિ.ના તા.૨૪/૬/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃસંશ૫/૧૪૦૬/૫૬૦/અ.
(૨) નાણા વિભાગના તા.૧૦/૬/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃરજઅ/૧૦૨૦૧૪/યુ.ઓ.૨ /પી
(૩) નાણા વિભાગના તા.૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ(જી.એન.૨૩)પીએસએન/ ૧૦૨૦૪/ એમઆઇ(૩૩૪૩૮૫)/પી

ઠરાવઃ-

ઉપયુ(ત સંદર્ભ(૧) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ૨૪/૬/૦૮ ના ઠરાવથી આદર્શ નિવાસી શાળાઓમાં ફરજ બજાવતા સ્ત્રી શિક્ષણ સહાયકોને દિન-૧૩૫ ની પ્રસુતિની રજાઓ મળવાપાત્ર છે. સંદર્ભ (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૦/૬/૨૦૧૪ના પરિપત્રથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીને પ્રસુતિની રજાઓ નાણા વિભાગના તા.૬/૨/૨૦૦૬ તથા તા.૪/૬/૨૦૦૯ના ઠરાવોની શરતોને આધિન નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા(રજા નિયમો) ૨૦૦૨ના પ્રસુતિ રજા નિયમો મુજબ રાજય સરકારના કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર થતી પસુતિની રજાના ધોરણે જ પ્રસુતિની રજાઓ મળવાપાત્ર હોવાનું ઠરાવેલ છે. ક્રમાંક(૩)માં દર્શાવેલ તા.૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામાની જોગવાઇઓ મુજબ અગાઉ સ્ત્રી શિક્ષક સહાયકોને ૧૩૫ દિવસના બદલે ૧૮૦ દિવસની પ્રસુતિની રજા મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

કાળજી પૂર્વકની વિચારણાના અંતે સંદર્ભ(૩)માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામાની જોગવાઇઓ લાગુ પાડવામાં આવે છે.તેમજ જે સ્ત્રી શિક્ષક સહાયકો તા.૧/૧૦/૨૦૧૪ ના રોજ કે તે પછી જે સ્ત્રી શિક્ષક સહાયકો પ્રસુતિની રજા પર હોય અથવા બિનપાગરી રજા પર ચાલુ હોય તેઓને પણ આ જાહેરનામા મુજબ નિયત મળવાપાત્ર રજાઓ ૧૮૦ દિવસની મર્યાદામાં પ્રસુતિની રજાઓનો લાભ આપવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિકસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

- પ્રતિ,
- માન મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલયાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર..
- સર્વે જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (વિ.જા.ક)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નાણા વિભાગ, પી.શાખા, સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી